**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

અખબારી યાદી

# ઝારખંડની અદાલતે રાજ્ય સભા સાંસદ શ્રી નથવાણીની ચૂંટણીને પડકારતી અરજી ફગાવી દીધી

**જુલાઈ ૨૭, ૨૦૧૧ :** ઝારખંડની વડી અદાલતે શ્રી પરિમલ નથવાણીની રાજ્ય સભાની ચૂંટણીને પડકારતી અરજી ફગાવી દીધી છે. રાજ્યની વડી અદાલતના માનનીય ન્યાયમૂર્તિ શ્રી ડી. કે. સિંહાએ ચૂંટણી અરજી નં. ઈપી૦૧/૨૦૦૮ ઉપર પોતાનો ચુકાદો આપ્યો. ચુકાદો આપતાં માનનીય ન્યાયમૂર્તિશ્રીએ કહ્યું કે : 'પિટીશન ડિસમિસ્ડ. ઈન્ટર લોક્યુટરી એપ્લિકેશન્સ એલાઉડ.' શ્રી કિશોરી લાલ દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી. માર્ચ ૨૦૦૮માં રાજ્ય સભાની ચૂંટણીમાં શ્રી પરિમલ નથવાણી સામેના પરાજિત ઉમેદવારોમાં શ્રી આર. કે. આનંદ સાથે શ્રી કિશોરી લાલ પણ એક હતા.

આ ચૂંટણી અરજી ઈપી૦૧/૨૦૦૮ના કેન્દ્રમાં શ્રી નથવાણીના પત્ર વ્યવહારનું સરનામું મુખ્ય હતું. અરજદારના જણાવ્યા અનુસાર મતદાર યાદી નં. ૫૧/૧૭૯માં શ્રી નથવાણીનું સરનામું ગુજરાતના ખંભાળિયા વિધાનસભા ક્ષેત્રનું અને રાજ્યસભાના ઉમેદવારી પત્રકમાં રાંચીનું સરનામું દર્શાવવામાં આવ્યું હતું. તેમણે પોતાની અરજીમાં આ બાબતના આધાર તરીકે મામલતદાર, ખંભાળિયા તરફથી આપવામાં આવેલું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું.

ઉમેદવારી પત્રમાં વિજેતા ઉમેદવાર દ્વારા મતદાર ક્ષેત્ર (ઝારખંડ વિધાનસભા ક્ષેત્ર)નું નામ ભરવાનું રહી ગયું હતું અને આ જ ઉમેદવારી પત્ર સ્વીકારવામાં આવ્યું હતું. આનાથી ઉમેદવારીપત્ર આધાર વગરનું થઈ જાય છે તેવું અરજદારનું માનવું હતું.

વિજેતા ઉમેદવારની જન્મ તારીખ પ્રમાણપત્રમાં ૫૨ વર્ષ દર્શાવવામાં આવી હતી, જ્યારે મતદાર યાદીમાં તે ૫૫ વર્ષ દર્શાવવામાં આવી હતી. વધુમાં ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારીપત્ર દાખલ કરતી વખતે પણ આ જ માહિતી દર્શાવવામાં આવી હતી. અરજીમાં એ પણ એક મુદ્દો રજૂ કરવામાં આવ્યો હતો કે, ઉમેદવારે ઉમેદવારીપત્રકમાં પોતાનું નામ 'પરિમલ નથવાણી' દર્શાવ્યું હતું, પરંતુ સહાયક ચૂંટણી નોંધણી અધિકારીએ આ નામ 'નથવાણી પરિમલ ધીરજલાલ' દર્શાવ્યું હતું.

અદાલતે અરજીમાં દર્શાવવામાં આવેલા એક પણ મુદ્દાનો સ્વીકાર કર્યો ન હતો અને ઝારખંડના ધારાસભ્યો દ્વારા રાજ્ય સભા માટે શ્રી પરિમલ નથવાણીની કરવામાં આવેલ પસંદગીને માન્ય ઠરાવી હતી. વરિષ્ઠ વકીલ શ્રી અનિલ કુમારે શ્રી પરિમલ નથવાણી તરફથી અને શ્રી એચ.કે. લાલે અરજદાર તરફથી પોતાની દલીલો રજૂ કરી હતી.

★ ★ ★